ગાંધીનગર સમાચાર
તા. ૨૮-૧૦-૨૦૧૪, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

### વિજયરથની વિજયકૂચ માટે બે મોટાં પડકારરૂપ રાજ્યોની ચૂંટણી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો વિજયરથ હરિયાણા અને મહારાષ્ટ્ર પર ભગવો ફરકાવી હવે જમ્મુ અને કાશ્મીર તથા ઝારખંડ જેવા વિશિષ્ટ રાજયો તરફ આગેકૂચ કરવા સજ્જ થઇ રહ્યો છે. મોદીને ફક્ત દિલ્હીનું મયૂરાસન કબજે કરી લઇ મોજમજા કરવામાં રસ નથી. ભાજપના અદના સૈનિક તરીકે પોતાનો ઓળખાવતા આ નેતાએ દેશ આખામાં કેસરિયો લહેરાવવાનો સંકલ્પ કર્યો છે. આ વખતે જમ્મુ-કાશ્મીર જેવા મુસ્લિમ બહુવતીવાળા રાજયમાં ભાજપને સત્તા ન અપાવી શકે પણ સત્તામાં ભાગીદાર પણ બનાવી શકશે તો એમની એક સીમાચિહ્ન રૂપ ઉપલબ્ધિ ગણાશે. એમણે લોકસભાની ચૂંટણીમાં જમ્મુ વિસ્તારની અને લેહલડાખની લોકસભાની બેઠકો કબજે કરીને પૂર્વભૂમિકા તો રચી જ દીધી છે. જમ્મુ-કાશ્મીરની વારંવાર મુલાકાત લઇને તથા પૂરપીડિતોની વહારે દોડી જઇને એમણે પ્રજાજનોનાં હૃદય જીતી લેવાનો સહેતુક પ્રયાસ કર્યો છે, જેનું વળતર ભાજપને વિધાનસભાની ચૂંટણીમાં મળી શકે એમ છે. બની શકે કે કદાચ કોંગ્રેસનાં વળતા પાણી જોઇ એનાથી અલગ ગયેલી ફારૂક અબ્દુલ્લાની નેશનલ કોંગ્રેસ પાર્ટી નરેન્દ્ર મોદી સાથે છૂપું ગઠબંધન પણ રચે. મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લા જે રીતે વડાપ્રધાનના કાશ્મીર પ્રવાસમાં ઉમળકાભેર એમની સાથે રહ્યા છે અને એમના સ્વચ્છ ભારત મિશનમાં ઉત્સાહપૂર્વક સામેલ થયા છે, તે જોતાં આવી કોઇ સંભાવના નકારી શકાય એમ નથી. જમ્મુ-કાશ્મીર સાથે જ બિહારમાંથી છૂટા પડેલા ઝારખંડમાં પણ વિધાનસભાની ચૂંટણી જાહેર થઇ છે. ઝારખંડમાં અગાઉ ભારતીય જનતા પાર્ટીના અર્જુન મુંડા સત્તાનો સ્વાદ ચૂક્યા છે. અત્યારે ઝારખંડ મુક્તિ મોરચાના સંસ્થાપક પ્રમુખ અને સમસ્ત વનવાસી વિસ્તારમાં 'ગુરૂજી'ના હુલામણા નામે જાણીતા છતાં દેશના ભ્રષ્ટ અને વિવાદાસ્પદ રાજકારણીઓમાં શિરમોર એવા શિબુ સોરેનના સુપુત્ર હેમેન સોરેનના નેતૃત્વવાળી સરકાર ચાલી રહી છે. ઝારખંડ મુક્તિ મોરચો બિહારમાંથી અરણ્ય-પર્વતાળ અલગ આદિવાસી રાજયનો નકશો કંડારી એને સ્વતંત્ર રાજયનો દરજ્જો મેળવી આપનારી પાર્ટી હોઇ દેખીતી રીતે જ પ્રદેશના વનાંચલ પર એનો ભારે પ્રભાવ છે. રાંચી જેવા શહેરી વિસ્તાર અને હજારીબાગ જેવા મેદાની પ્રદેશને બાદ કરતાં ઝારખંડ આદિવાસી બહુમતી ધરાવતો પ્રદેશ છે. એની પાસે અઢળક વનસંપદા અને ખનિજ સંપત્તિ હોઇ એને કોઇ વિકાસલક્ષી નેતા સાંપડે તો એ દેશનાં સમૃદ્ધ રાજયોની હરોળમાં સ્થાન પામી શકે એમ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રત્યે જનસાધારણ મોટી અપેક્ષાઓ સાથે મીટ માંડી રહેલ હોય ત્યારે આ વનવાસી રાજય પણ સમય સાથે તાલ મિલાવવાની જ રાહ જોઇ રહ્યું હોય એવું વરતાઇ રહ્યું છે. શિબુ સોરેનની ખરડાયેલી પ્રતિભા ઉપરાંત એમના સિદ્ધાંત વિહીન રાજકારણથી રાજયના મતદારો સુપેરે વાકેફ છે. શિબુ સોરેન સત્તા ખાતર કોઇ પણ હદે જઇ શકે છે. તેઓ વાજપેયી સરકાર સાથે પણ કમ્ફર્ટેબલ રહી શકે અને નરસિંહરાવની ડૂબતી નૈયાને પણ એની પૂરી કિંમત વસૂલ કરીને ઉગારી શકે, પણ મોદી એમની સાથે જોડાણ કરીને જહેમતપૂર્વક ઊભી કરેલી સ્વચ્છ રાજકારણી તરીકેની છાપ ખરડાવા ભાગ્યે જ તૈયાર થશે. અગાઉ એનડીએના સહયોગી તરીકે રહેલ ઇન્ડિયન નેશનલ લોકદળને આ વખતે હરિયાણાની વિધાનસભાની ચૂંટણીમાં મોદીએ ડિંગો બતાવી દીધો હતો. એમણે 'તિહારવાળા' સાથે કોઇ પણ પ્રકારના ચૂંટણી પૂર્વના કે પછીના જોડાણને ધરાર નકારી દીધું એથી હરિયાણાના મતદારોમાં એમની ઇમેજ સાતમા આસમાને પહોંચી હતી. અગાઉ જેની સાથે ગઠબંધન કરેલું તે ભજનલાલ સ્થાપિત હરિયાણા જનવિકાસ કોંગ્રેસને પણ એમણે નન્નો ભણી દઇ પોતાની તાકાત પર જ ચૂંટણી લડી લેવાનો નિરધાર કર્યો હતો, જોમાં પ્રજાનો પ્રચંડ સહયોગ સાંપડ્યો હતો. 'ચલો ચલેં મોદી કે સાથ'ના સૂત્ર સાથે મોદીનું ઝંઝાવાતી સ્વરૂપ ફરી એક વાર ધાર્યા નિશાન પાડી શક્યું, એટલું જ નહીં, એવા એક પ્રદેશમાં ભાજપના એક અજાણ્યા ચહેરાનો રાજ્યાભિષેક થયો જેને માત્ર સંગઠનનો જ અનુભવ છે. કરનાલથી પહેલી જ વાર ધારાસભ્ય બનનાર મનોહરલાલ ખટ્ટરને મોદીભક્તિ ફળી છે. દિગ્ગજો હાથ ઘસતા રહી ગયા છે અને હરિયાળાને જાટ અને જાત-બિરાદરીથી પર એવા વધુ એક કોરાધાકોર મોદી બ્રાન્ડ 'લાલ' મળી ગયા છે! મોદી અદ્દલ આવો જ પ્રયોગ ઝારખંડમાં કરી શકે એમ છે. અર્જુન મુંડા જેવા છાપેલા કાટલાનો ઉપયોગ જરૂર થશે, પરંતુ કોંગ્રેસ-રાષ્ટ્રીય જનતા દળ અને ઝામુમોના યુપીએ ગઠબંધન વિરૂદ્ધ કદાચ ભારતીય જનતા પાર્ટી એકલા હાથે - મોદીના સુશાસન અને વિકાસના મુદ્દે ચૂંટણી લડી એક નવો વિક્રમ સ્થાપી બતાવશે. મોદી વેવ હજુ એવું ને એવું અકબંધ છે, એ તો ગત બે વિધાનસભાની ચૂંટણી દરમિયાન સાબિત થઇ જ ચૂક્યું છે. પરંતુ એક જોખમ પણ મોદીને જરૂર દેખાતું હોય તે બનવાજોગ છે. એમણે વડાપ્રધાન પદ સંભાળ્યા પછી ઝારખંડમાં કેટલીય યોજનાઓ ખુલ્લી મૂકવા પ્રયાસ કર્યો ત્યારે પ્રોટોકોલની રૂએ સાથે રહેલા યુવાન મુખ્યમંત્રી હેમેને સોરેનનો ભાજપના કાર્યકરોએ હુરિયો બોલાવ્યો હતો. આવું અપમાન પોતે કે ઝારખંડની પ્રજા ક્યારેય સહન નહીં કરે અને ભવિષ્યમાં વડાપ્રધાનના કોઇ કાર્યક્રમમાં પોતે ઉપસ્થિત નહીં રહે, એવું નિવેદન કરનાર ઝારખંડ મુક્તિ મોરચાના નેતાનો વક્કર કેટલો રહેશે એ તો સમય જ કહી શકશે, પરંતુ જે રીતે શિવસેના જેવી દબંગ પાર્ટીને મોદીએ મહારાષ્ટ્ર જેવા પ્રગતિશીલ રાજયમાં એની હેસિયત બતાવી દીધી છે, તે જોતાં આ આદિવાસી પટ્ટો પણ ભાજપના પ્રભાવ હેઠળ આવી જાય એવી શક્યતા નકારી શકાય એમ નથી. અલબત્ત, આદિવાસી પ્રજા વધુ સ્વમાની હોય અને રાજય તથા કોંગ્રેસના સહયોગમાં રહી એ મોદી-મેજિક સામે સ્વાભિમાનનો જંગ લડી લેવા તૈયાર થાય તો પરિણામ અવળું પણ આવી શકે!

## આત્મન ફાઉન્ડેશન દ્વારા બાળકો સાથે દીપોત્સવી પર્વની ઉજવણી કરવામાં આવી



ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરની વિવિધ સેવા પ્રવૃત્તિઓ કરતી સંસ્થા આત્મન ફાઉન્ડેશન દ્વારા છેલ્લાં ૨૦ વર્ષથી દિવાળી-નવા વર્ષની ઉજવણી નિમિત્તે સેકટર-૧૩, ગાંધીનગરની શ્રમજીવી વસાહતનાં બાળકોને નવાં વસ્ત્રોનું વિતરણ કરવામાં આવે છે. આ પરંપરા મુજબ દિવાળીના પર્વે તા. ૨૩-૧૦-૨૦૧૪ના રોજ શ્રમજીવી વસાહતનાં અંદાજે ૧૦૦ ઉપરાંત બાળકોને નવાં વસ્ત્રોનું, ફટાકડા, નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું. સંસ્થાના હોદ્દેદારોએ બાળકો સાથે દિવાળીના પર્વની ઉજવણી વાર્તા, ગીત, ફટાકડા ફોડીને કરી હતી. આ ઉપરાંત કેટલાંક વિશિષ્ટ બાળકોને પણ સંસ્થા દ્વારા નવાં વસ્ત્રો, ફટાકડા, નાસ્તો, શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સંસ્થાના પ્રમુખશ્રી સી.એલ. મહેતા, પૂર્વ પ્રમુખ જાણીતા કવિ શ્રી ભરત કવિ, મંત્રી જયશ્રી ખેતિયા, એચ.બી. વરિયા, સંજય થોરાત, હસમુખ મેકવાન, પ્રજ્ઞા પટેલ, સવિતાબેન માછી, કપિલા બેન માછી વગેરેએ બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. બાળકોએ પણ વાર્તા-ગીત-ફટાકડાનો આનંદ માણ્યો હતો.





દિવાળીના પર્વમાં વનશ્રી ટ્રસ્ટે અનાથ, ગરીબ અને વૃધ્ધાશ્રમના બાળકો તેમજ વડીલોને ફળ અને બિસ્કીટનું વિતરણ કર્યું હતું. ટ્રસ્ટે સિવિલ હોસ્પિટલના ગરીબ બાળકો, કલોલ માવતર વૃધ્ધાશ્રમના વડીલો અને એચ.આઈ.વી. ગ્રસ્ત બાળકોની સાથે ખુશી વહેંચી હતી. કાર્યક્રમમાં અંજના નિમાવત, ચૈતન્ય નિમાવત, અલ્પેશ પટેલ અને પ્રદિપભાઈ સોલંકી ઉપસ્થિત રહ્યા હતાં.

### જય અંબે પરિવાર દ્વારા રજતજયંતિ નિમિત્તે

# રકતદાન શિબિર અને સર્વરોગ નિદાન કેમ્પ યોજવામાં આવ્યો

ગાંધીનગર, તા.૨૭

જયઅંબેપરિવાર ગાંધીનગર દ્વારા રજતજયંતિ મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. બીજા દિવસે પરિવાર દ્વારા મહારકતદાન શિબિર અને રોગ નિદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમનો શુભારંભ મંત્રી પ્રદિપસિંહ જાડેજાના હસ્તે કરવામાં આવ્યો હતો.

સેકટર-૧૩-બી ખાતે જય અંબે પરિવાર દ્વારા રજત જયંતિ મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. ૭ દિવસીય કાર્યક્રમના બીજા દિવસે મહારકતદાન શિબિર અને સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પની સાથે સાથે સવારે કલ્પેશભાઈ શાસ્ત્રીએ પાતરાસાધી વિધિ કરી હતી અને રથમાં સવાર જગદંબાની આરતી કરી હતી.

મહારકતદાન શિબિરની શરૂઆત રાજયના મંત્રી પ્રદિપસિંહ જાડેજાના વરદ હસ્તે કરવામાં આવી હતી. શિબિરમાં કેન્સર હોસ્પિટલ અમદાવાદ તેમજ સિવિલ હોસ્પિટલ ગાંધીનગરના ડોકટરો ઉપસ્થિત રહ્યા હતા જેમાં ૧૧૪ રકતદાતા ભાઈઓ અને બહેનોએ રકતદાન કર્યું હતું. જેનું સંચાલન ડૉ. સંકેત પંચાસરાએ કર્યું હતું.





સર્વ રોગ નિદાન કેમ્પમાં યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટના ડૉ. હાર્દિક તલાટીની ટીમ ઉપસ્થિત રહી હતી. જેમાં ૯૨ ફિઝીયોથેરાપી, ૬૫ દંત ચિકિત્સક, ૧૨૦ ઓર્થોપેડીક, ૧૫૦ આયુર્વેદ, ૮ હોમિયોપેથીક અને ૩૦ દર્દીઓને કુદરતી ઉપચાર કરવામાં આવ્યો હતો. ૧૯૪ વ્યકિતઓએ તેજ હોસ્પિટલના ડૉ. તેજલ દલાલ પાસે આંખ નિદાન કરાવ્યું હતું. કેમ્પમાં ૨૪૦ ભાઈ-બહેનોએ ડાયાબિટીશનું ચેક અપ કર્યું હતું. કેમ્પમાં ૬૯ મહિલાઓએ ગર્ભાશયના કેન્સરની તપાસ કરાવી હતી. રજત જયંતિના ત્રીજા દિવસે સવારે ૭થી ૯ વાગે નર્વાણ મંત્ર લેખન, પોથીઓ, જલયાત્રા, ધર્મધજા આરોહણ સાથે સહસ્ત્રચંડી મહાયાગનો પ્રારંભ કરવામાં આવનાર છે. રાત્રે અશ્વિનકુમાર પાઠકના સુમધુર કંઠે સંગીતમય સુંદરકાંડ પાઠ યોજવામાં આવશે.

## હરિની દૃષ્ટિ...




મમ્મી, પેલા અંકલને વોટસ એપ પર આપણે હેપ્પી-ન્યુ-યર કરી દીધું હતું, તો પણ તે અહીં આવ્યા છે...!!

## આજે સુરમધુર સંસ્થાનો સ્નેહમિલન સમારોહ યોજાશે

સુરમધુર સંસ્થા દ્વારા આજે સ્નેહમિલન સમારોહ યોજવામાં આવશે. સંસ્થા નગરના કલા રસિકો માટે છેલ્લા ૨૧ વર્ષથી લાભ પાંચમને દિવસે કાર્યક્રમ યોજે છે. આજે સાંજે ૬.૩૦ થી ૯.૩૦ દરમિયાન પ્લોટ નં. ૧૮૭/૨ સેક્ટર-૪-એ ખાતે કાર્યક્રમ યોજાશે. કાર્યક્રમમાં નગરના કલાકારો પોતાની ફિલ્મીકૃતિ રજુ કરી શકશે. જેના માટે કલાકારે તે ગીતનો 'કરાઓકે' સાથે લાવવો જરૂરી છે. કાર્યક્રમમાં નગરના તમામ કલાકારો ઉપસ્થિત રહી શકે છે.

## લયબધ્ધ શ્વસન હેઠળ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૭

તાવરિયાજી ગ્રૃપ દ્વારા લયબધ્ધ શ્વસન દ્વારા સંપૂર્ણ સ્વાસ્થ્યનો કાર્યક્રમ તા. ૨૯ થી ૩૧ ઓકટોબર દરમિયાન સવારે ૮ થી ૯ કલાક દરમિયાન બલરામ મંદિર ભવન સે-૧૨ ખાતે મફત યોજવામાં આવશે. કાર્યક્રમમાં શારિરીક, માનસિક અને આધ્યાત્મિકતા હેઠળ સ્વાસ્થ્ય સારું કેવી રીતે રાખવું તેની તરકીબો બતાવવામાં આવશે.

## ડો. તેજલ દલાલ દ્વારા દિવાળીના તહેવારોમાં વયસ્કોની નિ:શુલ્ક તપાસ

ગાંધીનગર, તા.૨૭

સેકટર-૭-ડીના સીનીયર સીટીઝનોના આંખ, ડાયાબીટીસ તથા બ્લડ પ્રેશરનું ચેક અપ ડૉ.તેજલ દલાલના માર્ગદર્શન હેઠળ દિવાળી તહેવારોમાં યોજાયેલ હતું. જેમાં ૭૫ થી ૮૦ વર્ષના વડીલોની આંખ તથા અન્ય તપાસણી કરાઈ હતી. વડીલો ઉત્સાહભેર ચેક અપમાં જોડાયા હતા.



આધુનિક તકીનીક અને સૌથી વધુ લોકપ્રિય 'એપ્સ વોટ્સઅપ' દિવાળીની રંગોળીમાં પણ જોવા મળી. સેક્ટર-૨૯, રોહન પેલેસમાં રહેતા શિવમ સુથારે સુંદર રંગોળીઓ બનાવી છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

## નવા વર્ષના આરંભે ભૂલી જઇએ નર્યા દંભથી ભરેલા આ માનવ-સમૂહને અને આપણા અંતર-મનની જયોતને પ્રજવલિત કરી તેને અનુસરીએ

### "ન હીન સંકલ્પ હજો કદી મન" વિચારસભા

- જયદીપ નેહલ ગઢવી

દિવાળીનું પર્વ એટલે સમગ્ર ભારતવર્ષનું પ્રધાન આકર્ષણ! સૌ-કોઇ પોત-પોતાની રીતે આ તહેવારને ઉજવે છે. એકાદ મહિના પૂર્વેથી જ દિવાળીના આગમનની તૈયારીઓ ચાલે અને દિવાળી બાદ પણ થોડા દિવસો સુધી તેનો હર્ષોલ્લાસ લોકોમાં અનુભવાતો જોઇ શકાય! આખા વર્ષ માટેની ઊર્જાનો સંચય આ તહેવાર દ્વારા કરી લેવામાં આવે! જો કે, છેલ્લા થોડા વર્ષોમાં તહેવારોની ઉજવણીની બાબતમાં થોડા-ઘણાં ફેરફારો આવ્યા છે ખરા! પણ તેમ છતાં એક આખો સમૂહ હજુ પણ પરંપરાગત રીતે આ તહેવારને માણે છે. દિવાળીનો તહેવાર આમ તો અગિયારસની શરૂ કરીને લાભ પાંચમ સુધી ચાલે. દરેક દિવસનું કંઈક આગવું - અનોખું મૂલ્ય અને નિરાળી ઊજવણી છે. પરંપરાગત શૈલીમાં નાસ્તાઓ બનાવવા, ઘરની સાજ-સજાવટ કરવી, વિવિધ રંગોળીઓ બનાવવી એમ અનેક પ્રકારે આ તહેવારને આપણે માણતા હોઈએ છીએ, સાંપ્રત સમયના જાણીતા ઉદ્‌ઘોષક - લેખક અંકિત ત્રિવેદી કહે છે તેમ,

"મારાં સપના તારી આંખે સાચાં પડતાં જાય
એને નવું વર્ષ કહેવાય
હું કંઇ પણ ના બોલું તો પણ તરત તને સમજાય
એને નવું વર્ષ કહેવાય...
જીવન એવું જીવશું જાણે સહજ અવતરે પ્રાસ
વ્હાલ નીતરતા શ્વાસમાં ઘૂંટશું ઈશ્વરનો અહેસાસ
ટૂંકમાં, તારી સાથે દિવસો ઉત્સવ થઈ ઉજવાય
એને નવું વર્ષ કહેવાય..."

દિવાળીના આ પર્વની ઊજવણીમાં પણ હવે દેખાદેખીથી બીન જરૂરી ખર્ચ પુષ્કળ પ્રમાણમાં કરવામાં આવી રહ્યો છે. લોકો જાણે એકબીજાની હરીફાઇમાં ઊતર્યા હોય એમ તહેવારોની ઊજવણીમાં ગાંડો ખર્ચ કરીને ફટાકડા તેમજ મીઠાઇઓની ખરીદી કરે છે. પરંપરાગત દીવડાઓનું સ્થાન હવે ઝાકમઝોળ કરી મૂકે તેવી લાઇટસે લઇ લીધું છે. આંખો આંજી નાંખે તેવી લાઇટ્સ કરી વિજળીનો દુર્વ્યય તો ખરો જ પરંતુ, તેની શાથે દીવા ના પ્રકાશનું કુદરતી સૌંદર્ય જાણે લુપ્ત થઇ રહ્યું છે. રંગોળી બનાવવામાં પહેલા આખી રાત બેસીને ઘરની સ્ત્રીઓ સાથે મળીને મહેનતપૂર્વક વિવિધ રંગો પૂરતી જયારે હવે તેમાં પણ રેડીમેઇડ રંગોળી આવી જતાં સૌ સાથે મળીને તહેવારનો આ આનંદ ગુમાવી રહ્યા છે. રંગોળી બનાવવી કે વિવિધ મીઠાઇઓ બનાવવી એ પરંપરામાં ઘરની તમામ સ્ત્રીઓ પોતાની તમામ શક્તિ અને સૂઝથી રંગોળીને જીવંત બનાવતી અને મીઠાઇમાં મીઠાશ ભરી દેતી! જયારે હવે એ પરિશ્રમ લુપ્ત થઇ જતાં તેની મીઠાશ ફીક્કી જણાવા લાગે છે. ઈશ્વર સુધી પણ આર્ટીફીશીયલ ફલેવરની મહેંક શી રીતે પહોંચતી હશે એ પણ એક ચિંતનનો વિષય છે!

કવયિત્રી શકુંતલા નેને લખે છે તેમ,

"તમારો ભગવાન બહેરો થયો છે?
લાઉડ - સ્પીકર વગર
નથી સાંભળતો તમારી વાત ને?
મારો ભગવાન તો
સાંભળે છે મારી પ્રાર્થના, વણ બોલાવેલી પણ;
સાંભળે મારા શ્વાસોશ્વાસની વ્યથાને
ઈશ્વર તમારો આંધળો થયો છે
એને દેખાડવા તમારે
જલાવવા પડે છે હજારો વોલ્ટના દીવા?
મારો ઈશ્વર તો ઓળખે છે મારા અંતરની વ્યથાને,
કોડિયાનું અજવાળું પણ ન હોય તોયે
દેખે છે મારી દુનિયાની દુર્દશાને!
ચૂપ થઈ જાવ ઘડીભર,
બુઝાવી દો હજાર વોલ્ટના દીવાઓ -
તો તમને પણ સંભળાશે
સંભળાશે દરેક પંખીના ટહુકામાં એની વાંસળી,
દેખાશે દરેક તારાના તેજમાં
એની આંખોનો પ્રકાશ
અને તમારી પ્રજ્ઞા જયોત પણ પ્રજવળી ઊઠશે"

કવિશ્રી ઉમાશંકર જોષી લખે છે તેમ,

"ન હીન સંકલ્પ હજો કદી મન
હૈયું કદી ન હજો હતાશ"

નવા વર્ષના આરંભે ભૂલી જઈએ નર્યા દંભથી ભરેલા આ માનવ-સમૂહને અને આપણા અંતર-મનની જયોતને પ્રજવલિત કરી તેને અનુસરીએ. ગયા વર્ષમાં જાણે-અજાણે મન-વચન અને કર્મથી જો કોઈ વ્યક્તિને દુભવી હોય તો તે વેર-ભાવરૂપી ગાંઠને ઉકેલી સંબંધને ફરી હર્યો-ભર્યો અને મઘમઘતો કરી દઈએ. ઈશ્વરે રચેલી આ સુંદર સૃષ્ટિમાં સૌ-કોઈ પોતપોતાની રીતે પોતાના લક્ષ્યને પ્રાપ્ત કરવાની દોડમાં વ્યસ્ત છે પણ જો આ જીવનરૂપી રેસમાં સૌ સાથે મળીને આગળ વધીએ તો કપરો પંથ પણ સરળતાથી પસાર કરી શકીએ! નવા કપડાં અને મીઠાઇની ઉજવણી તો થોડા દિવસોમાં વિસરાઇ પણ જશે પરંતુ, મનથી કરવામાં આવેલા કોઇ એક નાનકડાં પણ શુભ-સંકલ્પથી વર્ષમાત્ર જ નહિ પરંતુ, સમગ્ર જીવનને મહોત્સવ બનાવી શકાશે! વોટ્સ - અપ અને ફેસબુકના ફોરવર્ડ કરાયેલ મેસેજીસને બદલે એકબીજાને ઉષ્માપૂર્વક મળીને જો નવવર્ષની શરૂઆત કરીએ તો તેનો આનંદ કંઇક અનેરો જ હોય! નવા વર્ષે કંઈક આવો સંકલ્પ કરીએ...

"એક બીજાને ગમતાં રહીએ,
કંઇ ખટકે તો ખમતાં રહીએ,
સંજોગો કેવા પણ સર્જાય
થોડા થોડા નમતાં રહીએ,
સ્વાર્થી સંકુચિત સાંકડા ન રહેતા
નદીનાં નીર થઈને વહેતા રહીએ..."

લાભપાંચમથી પોત-પોતાના કાર્યોમાં વ્યસ્ત થઈ જનાર સૌ-કોઈ સામૂહિક રીતે નક્કી કરે કે આ વર્ષે જે પણ કામ કરીએ તેને મનથી અને ઉલ્લાસથી માણીએ. જીવનમાં અમુક ના ગમતાં કે બોરિંગ લાગતા કામ પણ જો થોડી પોઝીટીવીટી સાથે કરવામાં આવે તો તેનો ભાર થોડો હળવો થતો જણાય છે! માટે પરિશ્રમનું મહત્ત્વ સમજી આપણા કાર્યને નિષ્ઠાપૂર્વક તેમ જ આનંદથી કરીએ તો ચોક્કસ પરિણામ ધાર્યા કરતાં વધુ સારું મેળવી શકીશું! અન્ય એક નવીન સંકલ્પ કરીએ તો મહેનત અને પરિશ્રમનો! કોઈ પણ વસ્તુનો ખરો આનંદ ત્યારે જ આવે જયારે તમે તન-મનથી એ કાર્ય માટે અથાક પરિશ્રમ કર્યો હોય! આજકાલ દરેક વસ્તુઓમાં રેડીમેઇડ અને ઈઝી પદ્ધતિઓ પ્રવેશવાથી ઓરીજીનલ ચાર્મ સાવ લુપ્ત થતો જણાય છે પણ ચાલો આ નવ વર્ષે આપણે પરિશ્રમના મહત્ત્વને સમજીને તેને આત્મસાત કરીએ! કવિ નાથાલાલ દવેની પંક્તિઓથી નવ-વર્ષના મંગલ કાર્યનો આરંભ કરીએ...

"કામ કરે ઈ જીતે રે, માલમ!
કામ કરે ઈ જીતે
આવડો મોટો મલક આપણો
બદલે બીજી કઈ રીતે રે.
માગે છે દેશ આજ મહેનત મજિયારી,
હૈયાનાં માગે ખમીર...
આજે બુલંદ સૂરે માનવીની મહેનતના
ગાઓ જયજયકાર પ્રીતે...."